હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમારા જમાનામાં આવા પ્રવેશોત્સવ નતા થતા...અમને ટીંગાટોળી કરી સ્કુલના પહેલા દિવસે પ્રવેશ કરાવતા..!!

કોલવડા ગામે ઘનશ્યામ પટેલની નિર્મમ હત્યા

માથાના ભાગે પત્નીએ દસ્તો ફટકાર્યો, તો દિકરીએ ગળાના ભાગે કટર ફેરવ્યું,

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક કોલવડા ગામે સવારના સમયે જશુ પટેલના નાનાભાઈ ઘનશ્યામ પટેલની હત્યા થતા ચકચાર મચી જવા પામી છે. જયારે ૧૫ વર્ષની દિકરીએ પિતાના ગળાના ભાગે કટરનો ઘા માર્યો હતો. જયારે તેની પત્નીએ માથાના ભાગે દસ્તો મારી નિર્મમ હત્યા કરી હતી. જયારે હત્યા બાદ ખાટલા નીચે લોહીનું ખોબોચીયુ ભરાઈ ગયું હતું. હત્યા કર્યા પછી મા-દિકરી બંને કલાકો સુધી મૃતદેહ પાસે બેસી રહ્યા હતા. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં ઘર કંકાશના પગલે હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે. જયારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના કોલવડા ગામના ઘનશ્યામ વિષ્ણુભાઈ પટેલ (ઉં.૪૫)ની હત્યા થતા ગામ અને શહેરમાં ચકચાર મચી ગઈ છે. ત્યારે ઘનશ્યામ પટેલની હત્યા તેની પત્ની અને દિકરીએ કરી હોવાનું ઘટસ્ફોટ થયો છે. જયારે દોઢ માસ અગાઉ ઘનશ્યામ પટેલની પત્ની રિશિતા અમદાવાદ ખાતે પિયર રિસાઈને ગઈ હતી. જેથી એકલો પડી જતા ઘનશ્યામ પટેલે પોતાના વ્યસનને પણ છોડી દીધા હતા. ઘનશ્યામ પટેલ સમાધાન કરી પત્નિ અને પુત્રીને અઠવાડીયા પહેલા જ ઘરે લઈ આવ્યો હતો. જયારે સેકટર-૨૬ સ્થિત મકાન ભાડે આપીને કોલવડા રહેવા માટે ગયા હતા. ત્યાં પણ પતિ પત્નિ વચ્ચે કકળાટ ચાલુ રહ્યો હતો.જો કે ઘનશ્યામને પત્નીની વર્તણુક શંકાસ્પદ લાગી રહી હતી, જેથી ઝઘડા ફરીવાર શરુ થયા હતા. આજે સવારના સમયે ઘનશ્યામ પટેલ ઘરમાં ખાટલામાં સુઈ રહ્યો હતો. ત્યારે પત્નીએ માથામાં લોખંડનો દસ્તો માર્યો હતો.જયારે દિકરીએ પિતાનું કટર વડે ગળુ કાંપી નાંખ્યું હતું. ત્યારબાદ મા-દિકરી બંન્ને ઉભા રહીને ઘનશ્યામ પટેલને તરફડીયા મારતા જોઈ રહ્યા હતા. હત્યા બાદ મૃતદેહ પાસે મા-દિકરી બેસી રહ્યા હતા. ઘરમાં ખાટલા નીચે લોહીનું ખાબોચીયુ ભરાયુ હતું. જયારે બનાવની જાણ થતા પેથાપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જયારે પોલીસની પ્રાથમિક તપાસમાં ઘર કંકાસને કારણે મા-દિકરીએ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- શાળા પ્રવેશોત્સવમાં કલોલ તાલુકામાં પહોંચેલા જિલ્લા કલેક્ટરે આજે ત્રણેય શાળામાં આસોપાલવનું વૃક્ષ વાવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે સાંજે ઓફિસ છુટવાના સમયે ચડેલ આંધીથી ગરમીમાં લોકોએ રાહત અનુભવી હતી પરંતુ દ્વિચક્રી વાહનચાલકો પરેશાન થયા હતા.
- સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી છે ગઈકાલે ચ-રોડ પર પણ લાઈટો ચાલુ-બંધ થતી જોવા મળી હતી.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સહકારી અગ્રણી વિપુલ ચૌધરીએ આપમાં જોડાવાના સંકેતો આપતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે.
- શહેર ભાજપ દ્વારા આજે શ્યામાપ્રસાદ મુખરજીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.
- એ.સ.એ.મ.સી. રાંદેસણની મિનીટ્સ બુકમાં એક મહિલા સભ્યએ અંગ્રેજમાં હસ્તાક્ષર કર્યાનું જોતાં જ રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમારે ખુશી વ્યક્ત કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ૨૩, ૨૫ અને ૨૬ જૂન દરમ્યાન વરસાદ થશે તેમજ લઘુત્તમ તાપમાન ૨૯-૩૦ ડિગ્રી સે. અને મહત્તમ તાપમાન ૩૯-૪૦ ડિગ્રી સે. રહેશે તેવુ હવામાન પૂર્વાનુમાન છે.
- માણસા શહેરના તખતપુરા વિસ્તારમાં ભાજપ મહિલા મોરચા દ્વારા શક્તિ સંમેલન યોજાયુ હતુ.
- મહારાષ્ટ્ર સમાજભવન સે. ૨૧ ખાતે નિવેદિતા મહિલા મંડળ દ્વારા મહારાષ્ટ્રીયન રસોઈ સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા વિશ્વ યોગ દિવસ ની ઉજવણી

ભારતમાતા મંદિર , ગાંધીનગર તથા મહિલા પતંજલિ યોગ સમિતિ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વિશ્વ યોગ દિવસ ની ઉજવણીના ભાગરૂપે તા.૨૧ થી તા. ૨૩ સુધી ભારતમાતા મંદિર, સેકટર -૭, ગાંધીનગર ખાતે નિશુલ્ક ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.. આ યોગ શિબિરમાં નગરવાસીઓ પૂરા ઉત્સાહથી જોડાઈ ૩ દિવસ સુધી ખંતપૂર્વક યોગાભ્યાસ કર્યો હતો.. શિબિરમાં સુક્ષ્મ વ્યાયામ, યોગીંગ જોગિંગ, સૂર્ય નમસ્કાર, પ્રાણાયામ, વિવિધ આસનો, આદર્શ દિનચર્યા તથા ઉત્તમ આહાર અંગેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.. યોગાભ્યાસના અંતે દરરોજ સૌને આરોગ્યપ્રદ સૂપનું રસપાન કરાવવામાં આવ્યું હતું.. શિબિરમાં યોગ શિક્ષક તથા સંચાલક તરીકે ઊર્મિલાબેન ઝણકાટ તથા નરેશ ભાઈ સુથાર એ સેવાઓ આપી હતી.. શિબિરનું આયોજન અને વ્યવસ્થા માટે જયમીન ભાઈ વૈદ્ય, બિપીનભાઈ પરમાર તથા રસિક ભાઈ એ સેવાઓ આપી હતી..

પોર ગામેથી જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક પોર ગામના ગોપી તળાવ પાસેથી જુગાર રમતા ચાર શકુનીઓને પોલીસે રૂ.૨૩ હજારની રોકડ મત્તા સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ચાર શકુનીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એન.એસ.ઝાંબરે તેમજ પોલીસ જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે કુલદીપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગોપી તળાવ પાસે આવેલા ખુલ્લા ખેતરમાં પોર ગામમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા કુંડાળુ વળીને બેસીને જુગાર રમી રહેલા વિજય દશરથજી ઠાકોર (પોર ગામ મોટો વાસ) બળદેવ શકરાજી વાઘેલા (પુન્દ્રાસણવાળો વાસ પોર ગામ),જગદીશ પુંજાજી ઠાકોર (મોટો ઠાકોરવાસ પોરગામ) હર્ષદ મથુરજી ઠાકોર (નારજીવાસ પોર ગામ) ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૩ હજારથી વદુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

વલાદ બ્રીજ પર દંપતિને ટક્કર મારી નાસી જનાર કાર ચાલક ઝડપાયો

અકસ્માતમાં પાલજના દંપતિનું મૃત્યુ થયુ હતું, પોલીસે ૨૦થી વધુ સીસીટીવી ફુટેજ મેળવી આરોપી સુધી પહોંચી

ગાંધીનગર, તા.૨૩

પાલજ ગામનું દંપતિ બાઈક લઈને અમદાવાદ જઈ રહ્યું હતું. તે સમયે વલાદ બ્રિજ પર અજાણી કારના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેમાં બાઈક પર સવાર પત્નિનું ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ મોત થયું હતું. જયારે પતિનું અમદાવાદ સિવિલ ખાતે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. સમગ્ર બનાવની ફરીયાદ ડભોડા પોલીસ મથકે નોંધાવતા પોલીસે કાર ચાલકની શોધખોળ આદરી હતી. ડભોડા પોલીસની ટીમ દ્વારા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક કરીને આરોપીના ઘર સુધી પહોંચી કાર ચાલકની ધરપકડ કરી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાલજ ગામમાં રહેતા જશુજી ઠાકોર તેમની પત્નિ કાંતાબેન ગત તા.૨૩ મેના રોજ સાવરે બાઈક લઈને ઘરેથી ચાંદખેડા જવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન સવારના સમયે વલાદ બ્રિજ પર અજાણી કારના ચાલકે બાઈકને ટક્કર મારી નાસી ગયો હતો. જયારે અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત કાંતાબેનનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું. જયારે તેણીના પતિનું સારવાર દરમિયાન અમદાવાદ સિવિલ ખાતે મોત થયું હતું. જયારે ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એ.એ.વછેટાએ જણાવ્યું કે અકસ્માત બાદ અમારી ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. જેમાં ગાંધીનગર અને અમદાવાદના ૨૦ થી વધુ સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરાયા હતા. બનાવ સમયે પણ કાર સીસીટીવી ફુટેજમાં આબાદ રીતે ઝડપાઈ ગઈ હતી. જયારે અમદાવાદ આરોપીના ઘર સુધી પહોંચી ગયા બાદ કાર નં. જી.જે.૦૧.આર.જે.-૧૭૨૮ ના ચાલક કમલેશસિંહ દેવીસિંહ રાવત (રહે જલપરી સોસાયટી રબારી કોલોની સીટીએમ અમદાવાદ)ને પકડી પાડ્યો હતો. કાર માલિક પરિવાર સાથે શામળાજી ગયો હતો અને પરત ફરતા અકસ્માત સર્જાયો હતો.

ગાંધીનગર યુનિવર્સલ સ્કેટિંગ એસોસિએશન સંસ્થાનાં સ્કેટર્સ ઝળક્યા

તાજેતરમાં અમદાવાદ, ગોતા ખાતે ફર્સ્ટ ઈન્ટર રિંક સ્પીડ સ્કેટિંગ ચેમ્પિયનશીપનું આયોજન એમ.એસ સ્પોર્ટ્સ એકેડેમી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં ગાંધીનગર યુનિવર્સલ સ્કેટિંગ એસોસિએશનનાં ૨૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓને મેડલ્સ્ અને સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં તથા ટીમનું સંપૂર્ણ સંકલન ટીમ મેનેજર મિલાપ ટાટારિઆ દ્વારા કરવામાં આવ્યું હતું અને ગાંધીનગર યુનિવર્સલ સ્કેટિંગ એસોસિએશન સંસ્થાનાં કોચ જતીન દવેએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

ડેપોમાં સીસીટીવી કેમેરા હોવા છતા મુસાફરોના મોબાઈલની થતી ચોરી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી ચોર ટોળકી સક્રિય થઈ છે. છેલ્લા અઠવાડીયામાં જ ટોળકીએ તરખાટ મચાવી ૧૫ થી વધુ મોબાઈલ ચોરી કરી લીધા છે તે ઉપરાંત કેટલાક મુસાફરોના ખીસ્સા પણ હળવા થયા છે. જયારે એસટી ડેપો તીસરી આંખથી સજ્જ હોવા છતા મુસાફરોના મોબાઈલ અને ખીસ્સા કપાય છે તે વાત નવાઈ ઉપજાવે છે. જયારે ડેપોમાં પોલીસ ચોકી ઉભી કરવાની વાત પણ વિસરાઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે એસટી વિભાગ તો સલામત સવારીના સ્લોગન લખાવી રહ્યું છે ત્યારે સલામત સવારીમાં બેસવા જતા મુસાફરોના ખીસ્સા હળવા થાય છે તેની જવાબદારી કોની તે સમજાતુ નથી. ગાંધીનગર શહેરના એસટી ડેપોમાંથી રોજના હજ્જારો મુસાફરો આવન જાવન કરતા હોય છે. ગાંધીનગર થી રાજયના છેવાડાના શહેર સુધી મુસાફરો માટે એસટી બસો દોડાદોડી કરે છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે તો સતત આવન જાવન શરુ હોય છે. જેથી શહેરના એસટી ડેપોમાં મુસાફરોનો ધસારો વધુ જોવા મળી રહ્યો છે. શાળા-કોલેજો શરુ થઈ જતા વિદ્યાર્થીઓ પણ મોટીસંખ્યામાં જોવા મળે છે.ત્યારે શહેરના એસટી ડેપોમાં સીસીટીવી કેમેરા લગાવેલા હોવા છતા મુસાફરોના મોબાઈલ અને ખીસ્સા કાતરુ ટોળકી સક્રિય છે તે વાત નવાઈ ઉપજાવે છે. છેલ્લા અઠવાડીયમાં મુસાફરોના ૧૫ થી વધુ મોબાઈલની ચોરી થવા પામી છે તો બીજીતરફ પાંચ જેટલા મુસાફરોના ખીસ્સા હળવા થયા છે. તાજેતરમાં એક યુવકના ખીસ્સામાંથી મોબાઈલ ચોરી કરી ભાગવા જતા બે ચોરને મુસાફરોએ બરાબરનો મેથીપાક આપ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી ચોર ટોળખી બેખૌફ બની મુસાફરોને ટાર્ગેટ બનાવી રહી છે. મોબાઈલ કે ખીસ્સા હળવા કરી ટોળકી રફુચક્કર થઈ જાય છે. ડેપોમાં લગાવેલા સીસીટીવી ચેક કરી ટોળકીને પકડી પોલીસને સોંપી દેવી જોઈએ. જયારે ડેપોમાં પણ જગ્યા ફાળવી દેવાઈ જતા પોલીસ ચોકી કેમ ઉભી થઈ રહી નથી કે કોણ ઉદાસીન વલણ દાખવી રહ્યું છે તે સમજાતુ નથી.

મગોડી ખાતે આયુર્વેદિક હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા સિનિયર સિટીજનોને યોગાભ્યાસ કરાયો

ચિલોડા, તા. ૨૩

આયુર્વેદિક શાખા, આર્યુવેદિક હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર મગોડી દ્વારા તા. ૧૪મી જૂનથી ૧૯મી જૂન સુધી છ દિવસ નિ:શુલ્ક યોગ અભ્યાસ વર્ગની સેવા પુરી પાડવામાં આવી હતી. જેમાં યોગાચાર્ય અસ્મિતાબેન પટેલ અને બિપિનભાઈ જેઠવા તરફથી યોગાભ્યાસની સેવા આપી હતી. રાહેલબા વૃદ્ધાશ્રમના સિનિયર સિટીજનો-અશકતોને સંપૂર્ણ હળવાશથી યોગાભ્યાસ કરાવી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સંસ્થાના નિર્મલાબેન અને યશવંતસિંહ ઝાલાએ આ યોગ દિવસની ઉજવણી પ્રસંગે તેમનું સ્વાગત કરી આભાર માન્યો હતો.

જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

જતનકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં મંગળવારે વિશ્વ યોગ દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યોગનિષ્ણાંત વી.ડી. ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા અને તેમના માર્ગદર્શન મુજબ શાળાના તમામ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લઈ યોગાભ્યાસ કર્યો હતો.

શાળાના આચાર્યા નીવાબેન પટેલે યોગના વિદ્યાભ્યાસ દ્વારા શિક્ષકો, બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરી આત્મવિશ્વાસથી અને શ્રદ્ધાંથી અભ્યાસ કરાવશે તેવા વિશ્વાસ સાથે શિક્ષકો અને બાળકોને શુભેચ્છા પાઠવી હતી.

ગણપત પુરા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશ ઉત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ગણપતપુરા ગામની ગણપત પુરા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશ ઉત્સવ નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરપંચ વિષ્ણુ ઠાકોર, મહેશ ઠાકોર, પરેશ ઠાકોર, અરવિંદ ઠાકોર દ્વારા બાળકોને શાળા પ્રવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રાથમિક શાળા ના તમામ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ગામના જ દાતા ફતાજી ઠાકોર, દશરથ ઠાકોર, ખોડાજી ઠાકોર શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું દાન કર્યું હતું

જય માં જય પંપ નામની કંપનીએ દરેક બાળકોને દફતર આપ્યા હતા તેમજ જયેશભાઈ પટેલ દ્વારા દરેક બાળકોને તિથિભોજન કરાવવામાં આવ્યું હતું

૨૧ જૂન વિશ્વ યોગ દિવસ ઉપક્રમે સેક્ટર ૪ ઓમકારેશ્વર મંદિરે ગુજરાત યોગ બોર્ડ આયોજિત શિબિરનું સંચાલન ટ્રેનર આશાબેન મહેતા, કિનારબેન રાણા અને ભારતીબેન રાઠોડ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

મહુડી પગાર કેન્દ્ર શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના મહુડી ખાતેની પ્રાથમિક શાળા નં.૧ મહુડી પગાર કેન્દ્ર શાળામાં આજે તા.૨૩મી જુનના રોજ શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે માણસા તાલુકાના મામલતદાર તેમજ અધિકારીગણ ઉપસ્થિત રહી દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો આ પ્રસંગે નાના ભૂલકાંઓનો ધોરણ-૧માં પ્રવેશ કરાવી તેમને આવકાર્યા હતા. આ સાથે ધોરણ-૧ અને દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક સામગ્રીની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામના વડીલો યુવાનો અને એસએમસીના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં કાર્યક્રમના સમાપને મામલતદાર સહિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી બાળકોને પર્યાવરણ જતનનો સંદેશ પાઠવ્યો હતો.

આઝાદી કા અમૃત મહોત્સવ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ ઉત્સાહભેર ઉજવાયો

ચિલોડા, તા. ૨૩

ગુજરાત રાજ્યમાં જૂન-૨૩, ૨૪, ૨૫ ત્રિદિવસીય શાળામાં કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ અંતર્ગત નવા ભુલકાંઓનું નામાંકન

સ્થાયીકરણ અને ગુણવત્તાસભર શિક્ષણમાં સ્વર્ણિમ ગુજરાત આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે આજે ચિલોડા પ્રાથમિક શાળાના પટાંગણમાં ગામના સરપંચ જયમીનભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુરભી ગૌત્તમ અને જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ દિલિપભાઈ પટેલ, એસ.એમ.સી.ના અધ્યક્ષ ફુલાબેન ઠાકોર, જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કવિતાબેન ડી. સંગાડીની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ ખુબ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તમામ મહાનુભાવોનું પુસ્તક ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી સુરભી ગૌત્તમે પ્રાસંગિક ઉદ્બોધનમાં કન્યા કેળવણી અને બેટી બચાવો બેટી પઢાઓ વિશે માર્મિક પ્રવચન આપ્યુ હતુ. આ પ્રસંગે પ્રવેશપાત્ર ૬૫ બાળકો અને આંગણવાડીના ભુલકાઓને કુમ કુમ તિલક કરી કીટ આપી પ્રવેશ આપ્યો હતો. આ પ્રસંગે દાતા ઈકોગ્રીનના માલિક એચ.એમ. પટેલ, જયમીનભાઈ પટેલ તથા સુધાબેન પટેલ વી.કેર ફાઉન્ડેશનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૬ થી ૮ માં ભણતા તમામ વિદ્યાર્થીઓને પાંચ પાંચ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ ત્રણથી ચાર ધોરણના બાળકોને ત્રણ ત્રણ ચોપડાનું વિતરણ કર્યુ હતુ. આ પ્રસંગે મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાળા વ્યવસ્થાપન કમિટીના સભ્યો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં શાળાકીય શૈક્ષણિક, માળખાકીય વ્યવસ્થા અંગે સંતોષકારક અભિપ્રાયો રજૂ કર્યા હતા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શાળાના સારસ્વત મિત્રો વાલીઓ અને ગ્રામ પંચાયતના સભ્યો અને એસએમસીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ બાદ શાળાના આચાર્યએ આભાર દર્શન કર્યુ હતુ. વીકેર ફાઉન્ડેશનના પ્રતિનિધિના હસ્તે ૨૫૦ ચોપડાનું વિતરણ કરાયું હતું.

શ્રી છાલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.માં સમરસ પેનલે મેદાન માર્યુ

કુલ ૧૧ વ્યવસ્થાપન કમિટીના સભ્યો વિજેતા

ગાંધીનગર, તા. ૨૩

તાજેતરમાં ગાંધીનગર તાલુકાના છાલા ગામે ધી છાલા સેવા સહકારી મંડળીની ચૂંટણી યોજાઈ હતી. ત્યારબાદ બીજી સહકારી સંસ્થા ધી છાલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સમરસ પેનલના વ્યવસ્થાપન કમિટીમાં ૧૧ સભ્યોનો સમરસ પેનલ અગ્રેસર રહેવા પામી હતી. સમરસ પેનલ ટ્રેક્ટરના નિશાન સાથે નીચેના વ્યવસ્થાપન કમિટીના સભ્યો વિજેતા બન્યા હતા જેમાં અશોકભાઈ ચેલાભાઈ લાલજીભાઈ પટેલ, કનુભાઈ હાથીભાઈ રણછોડભાઈ પટેલ, જશુભાઈ ચેલાભાઈ જીવાભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ગાંડાભાઈ પટેલ, મનુભાઈ લાલજીભાઈ જોઈતાભાઈ પટેલ, મુકેશભાઈ બોધાભાઈ પુંજાભાઈ પટેલ, રાજુભાઈ સાંકાભાઈ મોતીભાઈ પટેલ, રમેશભાઈ શાંમળભાઈ રેવાભાઈ પટેલ, રાજુભાઈ હરીભાઈ કરશનભાઈ પટેલ, સતીષભાઈ મૂળજીભાઈ રેવનદાસ પટેલ, મંગાભાઈ મેસરીયા અનુસૂચિત જાતિ બેઠકનો સમાવેશ થાય છે. આ તમામ વિજેતા સમરસ પેનલને શુભેચ્છકો તથા સમર્થકોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

સુધારો નં.૧
નિવિદા નં.૭ સને ૨૦૨૨-૨૩
ઓનલાઈન
(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત))
ગુજરાત સરકાર
(વિજળીકરણના કામના તેમજ અનુભવી ઠેકેદારો માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૧૪ ગાંધીનગર.
ક્રમાંક : ૪ થી ૯ ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૩/૭/૨૦૨૨ ને સમય ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરવાના હતા તેમાં સુધારો કરી હવે પછી ૪/૭/૨૦૨૨ને સમય ૧૬.૦૦ કલાકે કરી શકાશે. બાકીની વિગતો યથાવત રહેશે.
માહિતી/૭૦૩/૨૨-૨૩